# 2 શરણાઈના સૂર

**ચુનીલાલ મડિયા**

**(જન્મ : તા. 12-08-1922; અવસાન : 09-12-1968)**

ચુનીલાલ કાળિદાસ મડિયાનો જન્મ રાજકોટ જિલ્લાના ધોરાજીમાં થયો હતો. તેઓ વાર્તાકાર, નવલકથાકાર અને નાટ્યકાર તરીકે પ્રસિદ્ધ છે. 'ઘૂઘવતાં પૂર', 'શરણાઈના સૂર', 'પદ્મજા', 'ચંપો અને કેળ', 'તેજ અને તિમિર' તેમનાં વાર્તાસંગ્રહો છે. 'વ્યાજનો વારસ', 'વેળાવેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ 1 અને 2', 'ઇંદ્રધનુષનો આઠમો રંગ' એમની મહત્ત્વની નવલકથાઓ છે. 'રંગદા', 'વિષમોચન' 'રક્તતિલક' એમના એકાંકીસંગ્રહો છે. સંપાદન અને અનુવાદ ક્ષેત્રે પણ તેમનું યોગદાન રહ્યું છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો છે.

આ વાર્તામાં વર્ણન લગ્નપ્રસંગનું છે, પરંતુ મૃત પુત્રીના સ્મરણ સાથે જોડાઈને એ કેવું કરુણ બની જાય છે એનું હૃદયસ્પર્શી આલેખન થયું છે. જાનવાળા માને છે કે વધુ પૈસાના લોભમાં રમઝુ મીર શરણાઈ વગાડી રહ્યો છે. પરંતુ એ તો શરણાઈના સૂર દ્વારા પિતૃહૃદયની ગમગીની, એકલતા અને વેદના પ્રગટ કરી રહ્યો હતો. અંતે રમઝુ દાદમાં મળેલા બધા પૈસા ગવરીને ભેટ તરીકે આપી દે છે ત્યારે વાર્તામાં મોટો વળાંક આવે છે. કન્યાવિદાય ગવરીની છે પણ રમઝુ માટે પોતાની પુત્રી સકીનાની બની રહે છે. મૃત પત્નીની કબર પાસે રમઝુ મીરની શરણાઈની એ છેલ્લી સુરાવટ હતી, ત્યાં અંત પામતી વાર્તા કરુણ રસની વાર્તા બની રહે છે.

---

માંડવો વધાવાઈ ગયો. ગોતરીજ પાસે પગેલાગણું પતી ગયું. ઘરને ટોડલે વરઘોડિયાએ કંકુના થાપા પાડી લીધા.

જાનને શીખ દેવાઈ ગઈ. ધર્માદાનાં લાગાંલેતરી ચૂકવાઈ ગયાં, વેવાઈઓએ એક-બીજાને વહાલપૂર્વક ભેટી લીધા.

રામણદીવડો પેટવાઈ ગયો. વરકન્યા માફાળા ગાડામાં ગોઠવાઈ ગયાં. સામેથી આવતી પણિયારીના શુભ શુકન સાંપડી ગયા.

– અને ગાડાનું પૈડું સીંચાઈ ગયું.

– અને ડોસા રમઝુ મીરે શરણાઈનો સૂર છેડ્યો. ઢોલીએ ઢોલ પર દાંડી પાડી. સુહાગણોએ ગીત ઉપાડ્યું અને ગવરીની જાન ઊઘલી ગઈ.

ગામડાગામની એ સાવ સાંકડી શેરીમાં કોઈના ઘરની પછીત કોઈ કોઈના કરા સાથે ધકો અફડાવતું ગાડું માંડમાંડ કરીને શેરી સોંસરવું નીકળ્યું ત્યાં તો મીરની શરણાઈ સાંભળીને આજુબાજુનાં બૈરાંઓ વરરાજાને જોવા એકઠાં થઈ ગયાં હતાં. લાજના લાંબા ઘૂમટામાંથી જોઈ શકાય એટલું ઝીણી નજરે જોઈને તેઓ કહેતાં હતાં :

''આ ભૂધર મેરાઈનો જમાઈ –''

''ગવરીનો વર – હાથમાં તલવાર લઈને કેવો બેઠો છે ?''

નાકા ઉપર નિયમ મુજબ મેઘો ઢોલી દાદ લેવા આડો ફરીને ફરીને ઊભો હતો. રમઝુએ પણ શ્વાસ ઘૂંટીને શરણાઈ દબાવી. કન્યાપક્ષની સ્ત્રીઓએ ગીત ઉપાડ્યું.

''આ દશ આ દશ પીપળો....
 આ દશ દાદાનાં ખેતર...''

વરપક્ષની જાનડીએ સામું ગીત માંડ્યું

''ખોલો ગવરીબાઈ ઘુંઘટો,
 જુઓ સાસરિયાનાં રૂપ...''
એક રાણો ને બીજો રાજિયો,
 ત્રીજો દલીનો દીવાન...''

ગીતોના સૂર વધારે વેધક હતા કે શરણાઈના, એ નક્કી કરવું શ્રોતાઓ માટે મુશ્કેલ બની રહ્યું. મીરે શરણાઈની એવી તો

રમઝટ જમાવી હતી કે વરના બાપ પણ એના રસાસ્વાદમાં દાદ આપવાનું વીસરી ગયા. પરિણામે ગીતો અને ઢોલશરણાઈનો સારી વાર સુધી તાસીરો જ બોલી રહ્યો. આખરે જ્યારે વરના બાપનો હાથ કોથળીમાં ગયો ને રમઝુના હાથમાં પાવલી પડી ત્યારે જ એણે પીઠ ફેરવી ને જાન આગળ ચાલી.

રમઝુની શરણાઈએ આખી બજારને જગાડી દીધી હતી. કામઢા વેપારીઓ હજાર કામ પડતાં મેલીને ઊઘલતી જાનને અવલોકવા દુકાનોને ઉંબરે આવી ઊભા. આખું સરઘસ અત્યારે જાજવલ્યમાન રંગો વડે સોહાતું હતું. મોખરે રમઝુના માથા પર લાલ મધરાસી ફેંટાના લીરા ઊડતા હતા. મેઘા ઢોલીએ લીલા રંગનું માથાબાંધણું બાંધેલું. જાનૈયાઓને વેવાઈવાળાઓ તરફથી કંકુના થાપા મારવામાં આવેલા તેથી એ આખો સમૂહ લાલભડક લાગતો હતો. હીરભરતનાં ઝૂલ ને શિંગડીઓ વડે શણગારેલા બળદ તો સાવ જુદા જ તરી આવતા હતા. ગાડામાં બેઠેલા વરરાજાનો જરિયન જામો, એમના હાથમાંની તલવારનું રંગીન મિયાન તેમ જ કન્યાનું પચરંગી પટોળું એક વિશિષ્ટ રંગસૃષ્ટિ રચી જતાં હતાં. એમની પાછળ વિદાયગીતો ગાતી સુહાગણોનાં અવનવાં પટકૂળોમાં તો રંગમેળો જ જોવા મળતો હતો !

આડે દિવસે ઊડઊડ લાગતી બજારમાં રમઝુ મીરની શરણાઈએ નવી જ દુનિયા રચી કાઢી હતી. એના સૂરની મોહિની એવી હતી કે સાંભળનારને એ મસ્ત બનાવી મૂકે. એની અસર કાન વાટે સીધી હૃદય પર ચોટ મારે ને એ પરિતોષનો નશો સીધો મગજમાં પહોંચે. પ્રાકૃતજનોને આ શરણાઈની સૂરાવલિ સમજાય કે ન સમજાય, પણ મંત્રમુગ્ધ બનીને એ ડોલી ઊઠે તો ખરાં જ.

ભરબજારે ચોગાનમાં ઊભીને રમઝુએ અડાણો ઉપાડ્યો હતો. એ ઉન્માદભરી તરજનું બંધારણ ભાગ્યે જ કોઈ લોકો સમજતાં, છતાં એમાં રહેલો આનંદ અને ઉછરંગ, તોફાન અને મસ્તી સૌ શ્રોતાઓ માણી રહ્યા. એમની આંખ સામે તો, વાતેવાતમાં છણકા કરતી, આંખમાંથી અગનતણખા વેરતી, ખોટેખોટાં રૂસણાં લેતી, વળી પાછી પતિના પ્રેમોપચારે રીઝી જતી, અજબ નટખટ ને નખરાળી નવોઢા રમી રહી હતી. અભણ રમઝુ ડોસા પાસે શબ્દો ન હતા, કેવળ સૂર હતા અને એ સૂર વડે જ આવી સૃષ્ટિ ખડી કરી જતો હતો. નમતે બપોરે ઊભી બજારે સાવ શુષ્ક વાતાવરણમાં પણ સાસરિયે સોંઢતી પતિમિલનોત્સુક પરિણીતાનું કલ્પનાચિત્ર શ્રોતાઓની આંખ સામે તરી રહ્યું. એ આ મેલાઘેલા માણસે સાધ્ય કરેલી સૂરશક્તિની જ બલિહારી હતી.

હરઘડીએ વધારે ને વધારે ઘૂંટાતા જતા અડાણાના સૂરમાં શ્રોતાઓ કરતાંય વધારે તો રમઝુ મીર પોતે રમમાણ લાગતો હતો. આંખ મીંચીને ગલોફાં ફુલાવી-ફુલાવીને એ શરણાઈમાં શ્વાસ રેડતો જતો હતો અને એ નિર્જીવ વાદ્યને જીવંત બનાવતો જતો હતો. ગામ આખું લાંબા અનુભવને પરિણામે જાણતું થઈ ગયેલું કે રમઝુ એક વાર એની શરણાઈમાં ફૂંક મારે પછી એને સ્થળ કે સમયનું ભાન ન રહે. માત્ર પરગામથી ગગો પરણાવવા આવેલા તળશી વેવાઈને આ વાતની જાણ નહોતી; તેથી તેઓ મીરને દાદના પૈસાનો લાલચુ ગણીને પાવલું ફેંકી રહ્યા પછી આગળ વધવાની ઉતાવળ કરી રહ્યા હતા. તળશી વેવાઈને સૂરજ આથમતાં પહેલાં પોતાને ગામ સણોસરે પહોંચી જવાની ઉતાવળ હતી. તેથી શરણાઈવાળાને આદેશ આપી રહ્યા હતા :

"હાલો, મીર હાલો, ઝટ વહેતા થાવ."

પણ અડાણાના સૂરમાં ગળાડૂબ શેલારા લેતા રમઝુને આવા આદેશ સાંભળવાની નવરાશ જ ક્યાં હતી ? મીર એની શરણાઈમાં સમય બગાડતો જતો હતો ને તળશી વેવાઈને મનમાં ચટપટી ચાલતી હતી : આ ગતિએ રૂપિયે ગજને હિસાબે આગળ હાલશું તો સણોસરે પૂગતાં સાંજ પડી જશે ને અંધારે સામૈયાં કરવામાં હોરાજીની કિસનલાઈટ મંગાવવી પડશે. મોંઘીદાટ બત્તીનાં બિલ ભરવાને બદલે વેવાઈએ આ મુફલિસ મીરને જ પાવલું વધારે દાદ આપીને આગળ વધવા પ્રેર્યો પણ શરણાઈના સૂરમાં ડાબેથી જમણે ડોલી રહેલા રમઝુને દાદ પેટે ફેંકાતા પૈસા ગણવાની જ ક્યાં નવરાશ હતી ? મેઘા ઢોલીએ ધૂળમાંથી સિક્કા વીણી લીધા અને રમઝુને કહ્યું કે, "હાલો, મીર, હવે હાંઉ કરો હાંઉ !" પણ આવી સૂચના એ કાને ધરે એમ ક્યાં હતો ?

આખરે ભૂધર મેરાઈ પોતે જ આગળ આવ્યા ને રમઝુને રીતસરનો હડસેલો મારીને જ સંભળાવ્યું : "હવે હાલની ઝટ, હાલની, આમ ડગલે ને પગલે દાદ લેવા ઊભો રહીશ તો કે'દી પાદરે પોગાડીશ !"

મેરાઈના હડસેલા સાથે ઉગ્ર અવાજે ઉચ્ચારાયેલાં વેણ કાને પડ્યાં ત્યારે જ મીરને ભાન થયું કે હું અત્યારે ઊભી બજાર બાંધીને ઊભો છું ને મારે તો હજી જાનને ઝાંપા સુધી દોરી જવાની છે.

રમઝુ યંત્રવત્ આગળ તો વધ્યો, પણ એનું દિમાગ અને દિલ પણ બરોબર બે દાયકા જેટલું જાણે કે પાછળ હટી ગયું. વીસ વરસ પહેલાં આવા જ એક નમતા બપોરે રમઝુ મીરે પોતાની જ પુત્રી સકીનાને સાસરિયે વળાવી હતી. હૃદયમાં ઊંડે-ઊંડે ખૂંપેલું દર્દ સળવળે ને જેવો વેદનાનો ચિત્કાર નીકળે એવો જ મૂંગો ચિત્કાર આ જૂનાં સ્મરણોના સળવળાટે મીરના હૃદયમાં ઊઠ્યો.

અને આપોઆપ એની શરણાઈનો સૂર બદલાઈ ગયો. અડાણાનો ઉન્માદ અને ઉમંગ ઓસરી ગયો. એને સ્થાને હવે કોરાયેલાં કાળજાનું દર્દ વહેવા લાગ્યું. એકાએક પલટાયેલો આ તાનપલટો શ્રોતાઓ સમજી ન શક્યા, પણ આ નવા સૂરની અસરમાં આવતાં એમને વાર ન લાગી. આકાશમાં પૂર્ણેન્દુ પ્રકાશ્યો હોય, પૃથ્વી પર સ્નિગ્ધતળ કૌમુદી રેલાતી હોય અને એમાં એકાએક કાળી વાદળી આવી ચડતાં ચોગરદમ ધિક્કારના ઓળા ઊતરી રહે અને આખા વાતાવરણમાં એક ઊંડી ઉદાસી ફેલાઈ જાય એવી જ અસર અત્યારે ઊઘલતી જાનમાં વરતાઈ રહી. ઘડી વાર પહેલાં આનંદમાં ગુલતાન એવા એ જાનૈયાઓ સાવ મૂંગા થઈ ગયા. ગીત ગાતી સુહાગણોએ પણ જાણે કે શરણાઈની અસર તળે જ વધારે કરુણ વિદાય-ગીતો ગાવા માંડ્યાં હતાં:

"આછલાં કંકુ ઘોળ રે લાડી
આછલી પિયળ કઢાવું...
તારા બાપનાં ઝૂંપડાં મેલ્ય હો લાડી,
તળશીભાઈની મેડિયું દેખાડું..."

રમઝુ ડોસો એની શરણાઈ વગાડવામાં અને પોતાના દિલમાં ભારેલી વેદના વ્યક્ત કરવામાં જ ગુલતાન હતો, છતાં આ ગીતોમાં ગવાતી વેદનાનાં વસમાં વેણ એના કાને અથડાઈ જતાં હતાં ને આપમેળે જ હૃદયસોંસરાં ઊતરી જતાં હતાં. પરિણામે એના સૂરમાં બમણું દર્દ ઘૂંટાતું હતું.

અત્યારે ગવરીના પિતા ભૂધર મેરાઈ પુત્રીની વિદાયને કારણે વિષાદ અનુભવી રહ્યા હતા, પણ એથીય અદકો વિષાદ રમઝુ મીરના હૃદય પર છવાયો હતો. દિશાશૂન્ય ..... એ કેવળ આદતને જોરે એક્કેક દૃશ્ય એની ઝામર-મોતિયા વડે ઝંખવાતી આંખ આગળ તાદૃશ થતું હતું.

ભરજુવાનીમાં ઘરભંગ થયેલા રમઝુને બે વરસની માવિહોણી બાળકીની માતા થવું પડેલું. ઓઝત નદીને હેઠવાસને આરે રમઝુએ બાળકી સકીનાનાં બાળોતિયાં ધોયેલાં. દૃશ્યની સાહેદી આપી શકે એવાં ઘણાં ડોસાંડગરાં તો ગામમાં હજી હયાત હતાં. રમઝુને આ દુનિયામાં બે જ પાત્રો જોડે દિલ્લગી બંધાઈ ગઈ હતી : એક તો કુટુંબમાં પેઢી-દર-પેઢી વારસામાં મળતી આવેલી શરણાઈ અને બીજી મૃત પત્નીના સંભારણારૂપે સાંપડેલી સૂરજમુખીના ફૂલ જેવી સકીના. તેથી જ એણે પોતાનાં દિલ-દુનિયામાં ત્રીજા કોઈ પાત્રને પ્રવેશ કરવા નહોતો દીધો. કોમના માણસોએ ફરી નિકાહ પઢવાનો બહુ-બહુ આગ્રહ કરવા છતાં જુવાન મીર પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યો હતો.

રમઝુએ સકીનાને સગી મા કરતાંય સવાયા હેતથી ઉછેરીને મોટી કરેલી. સકીનાના લાડકોડ તો લોકવાયકા સમાં થઈ પડેલાં. માતા તેમ જ પિતાના બેવડા વાત્સલ્યથી રમઝુ પુત્રીનાં લાલનપાલન કરતો હતો. પોતે કોઈ વાર સૂકો રોટલો ખાઈને ચલાવી લે, પણ પુત્રીને તો પકવાન જ જમાડે. પોતે ફાટ્યાંતૂટ્યાં કપડાં પર સો થીંગડાં મારે પણ સકીનાને તો ફૂલફટાક બનાવીને જ બહાર કાઢે. ન-માઈ પુત્રીને જરા પણ ઓછું ન આવે એની તકેદારી રાખવા માટે રમઝુ એને અછોઅછો વાનાં કરતો.

સકીના કાખમાં બેસવા જેવડી હતી ત્યાં સુધી તો રમઝુ એને ચોવીસે કલાક પોતાની સાથે જ ફેરવતો. કોઈના સામૈયાંમાં શરણાઈ વગાડવા જવાનું હોય તોપણ સકીના એની કોખમાં જ બેઠી હોય અથવા તો પિતાના ગળામાં હાથ પરોવી પીઠ પર બાઝી પડી હોય. રમઝુ વરઘોડામાં શરણાઈ વગાડતો હોય કે ફૂલેકામાં ફરતો હોય ત્યારે એની પીઠ પર, વાંદરીને પેટે વળગેલાં બચોળિયાની જેમ વળગી રહેલી આ બાળકીનું સુભગ દૃશ્ય તો વરસો સુધી આ ગામમાં સુપરિચિત થઈ પડેલું.

સાચી વાત તો એ હતી કે શરણાઈ તેમ જ સકીના બંને આ વિધુર આદમીની જિંદગીમાં તાણાવાણાની જેમ વણાઈ ગયાં હતાં. શરણાઈ અને સકીનાની હાજરીમાં રમઝુ પોતાને આ દુનિયાનો શહેનશાહ સમજતો. ઘણીય વાર નમતી સંધ્યાએ પોતાના કૂબાના આંગણામાં બેઠો-બેઠો રમઝુ કેવળ મોજ ખાતર શરણાઈમાંથી સૂર છેડતો સકીનાને રીઝવતો. બાળકી ગેલમાં

આવીને કાલું-કાલું બોલવા લાગતી. એના કાલાઘેલા બોલમાં રમઝુ મૃત પત્નીની પ્રેમ-પ્રચુર વાણી સાંભળી રહેતો. આ રીતે શરણાઈ રમઝુ મીર માટે કેવળ રોટલો રળવાનું જ સાધન નહોતું, વિદેહી જીવન-સંગાથિની સાથે સાંનિધ્ય અનુભવવાનું, એના જીવનબીન સાથે એકસૂર એકતાલ એકરસ બનવા જીવતું જાગતું વાદ્ય હતું. તેથી જ તો પત્નીની કબર પર ફૂલ ચડાવવા જતો ત્યાં ઓટા પર મરવાના ફૂલ-છોડની મહેંક માણતો-માણતો એ શરણાઈના સૂર વહાવતો હતો ને ! રમઝુની આ વિચિત્ર લાગતી ખાસિયત ગામ આખામાં ચર્ચાનો વિષય બની ચૂકેલી, વ્યવહારડાહ્યાં લોકો આ ગરીબ માણસની આવી ધૂનને ગાંડપણમાં ખપાવતાં પણ મનસ્વી મીરને આવા અભિપ્રાયોની ક્યાં પડી હતી ? એ તો સપનાંને સહારે જિંદગી જીવતો હતો, ને શરણાઈ વડે એ સપનાં સાચાં પાડતો હતો.

પાંપણમાં પુરાયેલા સુમધુર સ્વપ્ન સમી સકીનાને પણ રમઝુએ એક દિવસ સાસરે વળાવવી પડી હતી અને તે દિવસે એણે પારાવાર દુઃખ અનુભવ્યું હતું. અત્યારે એનાં પગલાં ગામઝાંપાની દિશામાં પડતાં હતાં, પણ એના મનનું માંકડું તો અતીતની યાત્રાએ ઉપડી ગયું હતું. પ્રસંગોની પરકમ્મા કરતું-કરતું એ વારેવારે પુત્રીવિદાયના આ પ્રસંગ પર આવીને અટકતું હતું. પુત્રીવિદાયનો એ પ્રસંગ તાજો થતાં ડોસાનું વત્સલ હૃદય વલોવાઈ જતું હતું અને એ વલોપાત શરણાઈના સૂર વાટે વ્યક્ત થઈ જતો હતો. અત્યારે પોતે ખોબા ખારેકની લાલચે શરણાઈ વગાડવા આવ્યો હતો એ વાત જ રમઝુ વીસરી ગયો; સાસરિયે સોંઢી રહેલી કન્યા ભૂધર મેરાઈની ગવરી છે એ હકીકત પણ એ ભૂલી ગયો; અત્યારે તો પોતાની સગી દીકરી સકીનાને વિદાય અપાય છે એમ સમજીને શરણાઈમાં એ હૃદયની સઘળી વ્યથા રેડી રહ્યો હતો. તેથી જ તો, જાન ઝાંપે પહોંચતાં સુધીમાં તો રમઝુના દર્દનાક સૂરોએ આખું વાતાવરણ ભારઝલું બનાવી મૂક્યું હતું.

આનું કારણ એ હતું કે સકીનાનું સંભારણું રમઝુ માટે જરાય સુખદ ન હતું. ડોસાના કાળજામાં વિસ્મરણની રાખ તળે સકીનાના નામનો ધગધગતો અંગારો ભરેલો પડ્યો હતો. આવે પ્રસંગે એ રાખનું આવરણ દૂર થતાં ડોસાની ભીતરમાં ભડકા ઊઠતા, કારણ એ હતું કે સકીનાને સાસરિયે મોકલ્યા પછી આઠમે દિવસે જ એના ભેદી મૃત્યુના વાવડ આવેલા. એ મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શકેલો નહિ. સકીનાના અકળ મૃત્યુથી ડોસાએ પુત્રી તેમ જ પત્ની-બંનેના દેહવિલયનો બમણો વિયોગ અનુભવેલો. દિવસો સુધી તો એ અવાક્ થઈ ગયેલો. એની ચિત્તભ્રમ જેવી દશા જોઈને લોકો કહેતા કે ડોસાની ડાગળી ચસકી ગઈ છે.

તેથી જ તો પાદરમાં પહોંચ્યા પછી રમઝુએ શરણાઈની તાન ઉપર આમથી તેમ ચાલવા માંડ્યું ત્યારે લોકોએ એને ગાંડામાં ગણી કાઢ્યો ને !

પીપળા હેઠે ગાડું થોભ્યું. ગવરીને સરખી સમોવડી સહિયરો એક પછી એક વિદાય આપવા આવી. સહુ બહેનપણીઓ ગવરીની નજીક જઈ, ગોઠિયણના કાનમાં ધીમી ગોષ્ઠિ કરીને આંસુભરી આંખે પાછી આવતી હતી. ઘરચોળાના ઘૂંઘટાની આડશે રડીરડીને ગવરીની આંખો લાલ હીંગળા જેવી થઈ ગઈ હતી, એ તો અત્યારે જ ખબર પડી. હીબકતી પુત્રીને જોઈને માતાનું હૃદય હાથ ન રહ્યું. સાથે આણેલી ટબૂડીમાંથી ગવરીને બે ઘૂંટડા પાણી પાઈને તેઓ કોચવાતા હૃદયે દૂર ચાલ્યાં ગયાં. પણ એમની પાંપણ પર આવીને અટકેલાં આંસુ રમઝુની નજર બહાર નહોતાં રહ્યાં. લાગણીના આવેશમાં માતા જે ભાવ વાચા દ્વારા વ્યક્ત નહોતી કરી શકતી એની અભિવ્યક્તિ રમઝુ પોતાના સૂર વાટે કરી રહ્યો.

આમ તો પાદરનો આ પીપળો અને ચબૂતરો ગામની સેંકડો કન્યાઓની વિદાયના સાક્ષી બની ચૂક્યા હતા. રમઝુ પોતે પણ આવા અસંખ્ય વિદાયપ્રસંગોએ શરણાઈ વગાડીને સાટામાં રૂપિયો-રોડો મહેનતાણું મેળવી ચૂક્યો હતો. પણ આજની વાત અનોખી હતી. આજનું વળામણું વિશિષ્ટ હતું. આજનો વિદાયપ્રસંગ સાવ વિલક્ષણ હતો. આજે, દર્દનાક શરણાઈ વગાડનાર માણસ અવસ્થાને આરે પહોંચેલો ખખડી ગયેલો રમઝુ મીર ન હતો, પણ વીસ વરસ પહેલાં સકીનાને વિદાય આપનાર પુત્રીનો પિતા હતો. તેથી જ તો તળશીવેવાઈએ પાવલાથી માંડીને બાધા રૂપિયા જેવડી મોટી રકમની ત્રણ ત્રણ વાર દાદ આપવા છતાં રમઝુ શરણાઈ બંધ કરીને પાદરમાંથી પાછો ફર્યો નહિ ને !

કન્યાપક્ષ તરફથી કારુણ્યની પરાકાષ્ઠા સમું વિદાયગીત ઊપડ્યું હતું :

દાદાને આંગણે આંબલો
આંબલો ધીરગંભીર જો...
એક રે પાંદડું અમે તોડિયું
દાદા ગાળ મા દેજો જોઃ
અમે રે લીલુડા વનની ચરકલડી...

માત્ર ગવરી નહિ, ગવરીની ગોઠિયણો જ નહિ, કન્યાનાં આપ્તજનો જ નહિ પણ સીમાડાનું સમગ્ર વાતાવરણ જાણે કે ડૂસકાં ભરતું લાગ્યું અને મીરની શરણાઈએ આ શોકમગ્ન વાતાવરણ સાથે અજબ સમવેત સાધ્યો. એના સૂરમાં ઘૂંટાતું દર્દ વાતાવરણની ગમગીનીને દ્વિગુણિત બનાવી ગયું. રમઝુ ચગ્યો હતો. એની શરણાઈ ચગી હતી. પોતાના ચિરાયેલા દિલની વેદનાને ચગાવવામાં પણ ડોસો ચેન અનુભવતો હતો.

પણ કન્યાને લઈને ઝટપટ ઘરભેગા થઈ જવાની ઉતાવળમાં વરરાજા તેમ જ વરના બાપ તળશીવેવાઈ તલપાપડ થઈ રહ્યા હતા. પાદરના મોકળા પટમાં મોકળે મને સૂરો રેલાવી રહેલા મીરને જોઈને વેવાઈની અકળામણ વધતી જતી હતી.

આખરે એમણે ભૂધર મેરાઈ સમક્ષ એ અકળામણ વ્યક્ત કરી પણ ખરી; ''તમારો મીર તો ભાર્યે લાલચુ લાગે છે ! આટલી દાદ દીધી તોય હજી ધરવ નથી થાતો, અમારે તો અહીં સીમાડે જ સૂરજ આથમી જાશે એમ લાગે છે...''

વેવાઈની ફરિયાદ સાંભળીને તુરત ભૂધર મેરાઈ, જાનનો મારગ રોકીને ઊભેલા મીર પાસે જઈ પહોંચ્યા અને મોટે સાદે સંભળાવ્યું : ''એલા ડોસલા, આવો ભૂખાવળો ક્યાંથી થ્યો ? આટલી બધી દાદ દીધી તોય હજી તને ધરવ નથી ? આટલાં પાવલાં પડ્યાં તોય હજી હાંઉ નથી કે'તો ?''

પણ રમઝુ તો પોતાની શરણાઈના સૂર સિવાય બીજું કાંઈ સાંભળે એમ ક્યાં હતો ? કંટાળીને ભૂધર મેરાઈએ વેવાઈને કહ્યું : ડોસાની ડાગળી જરાક ચસકી ગયેલ છે, દુખિયો જીવ છે ને એમાં પાછી પાકી અવસ્થા થઈ એટલે કળ-વકળનું ભાન નથી રિયું.''

''એને ભલે કળ-વકળનું ભાન ન હોય, પણ અમારે અસૂરું થઈ જાશે એનું શું ?'' તળશીવેવાઈએ તીખે અવાજે કહ્યું : ''એક તો બીકાળો મારગ ને ભેગા જરજોખમ...''

હવે ભૂધર મેરાઈનો મિજાજ હાથથી ગયો. એમણે દાદ પેટે જમીન પર ફેંકાવેલા સિક્કા વીણીને પરાણે મીરની મુઠ્ઠીમાં પકડાવ્યા ને પછી એને હડસેલો મારીને કહ્યું : ''એલા લઘરા, હવે તો મારગ મોકળો કરીને ઘરભેગો થા ? હજી તો તારે કેટલાક રૂપિયા ઓકવવા છે ? કે પછી મીઠાં ઝાડનાં મૂળ ખાવાં છે, બાવા માગણ !

ભૂધર મેરાઈના હડસેલાથી મીર હાલ્યો તો ખરો, પણ પોતાના ઘરને-ગામને મારગે નહિ, સીમને મારગ, સણોસરાને કેડે.

''આ તો હજી સગડ નથી મેલતો.'' તળશીવેવાઈ કંટાળીને બોલ્યા : ''આ તો અમારી મોર્ય વે'તો થ્યો....''

''મર થાતો,'' સીમને મારગે સામે ચાલતા રમઝુને જોઈને ભૂધર મેરાઈએ કહ્યું : ''થાકશે એટલે એની મેળે પાછો આવતો રહેશે.'' અને પછી વેવાઈને છેલ્લી સૂચના તરીકે ઉમેર્યું : ''હવે ખબરદાર, એને રાતું કાવડિયું પણ આપ્યું છે તો ! તમે પહેલેથી જ છૂટે હાથે દાદ દેવા માંડી એમાં ડોસો સોનાનાં ઝાડ ભાળી ગયો, પણ હવે ભૂંગળું ફૂંકીફૂંકીને મરી જાય તોય સામું જોશો મા.''

અને પછી બંને વેવાઈઓ ભાવે કરીને ભેટ્યા અને જાન સણોસરાના કેડે ચઢી.

રમઝુ હજી પણ ધૂનમાં ને ધૂનમાં જાનની મોખરે ચાલ્યા જ કરતો હતો. પાછળ પાદરમાં ઊભેલા લોકો આ ગાંડા માણસની હાંસી ઉડાવતાં હતાં. પુત્રી વળાવીને કુટુંબીઓ ભારે હૈયે ઘર તરફ પાછાં ફરતાં હતાં, ત્યારે સ્ત્રીઓએ છેલ્લું ગીત ઉપાડ્યું હતું :

''એક આવ્યો'તો પરદેશી પોપટો
બે'ની રમતાં'તાં માંડવા હેઠ...
ધુતારો ધૂતી ગયો...''

ધૂનમાં ને ધૂનમાં મોટાં-મોટાં ડગ ભરતા રમઝુને કાને આ ગીતનાં વેણ આછાં-પાતળાં અથડાતાં હતાં, પણ એને ખ્યાલ નહોતો કે પોતે કઈ દિશામાં આગળ વધી રહ્યો છે. પુત્રીવિયોગના દુ:ખદર્દમાં એ જાણે કે દિશાશૂન્ય થઈ ગયો હતો.

હવે તો જાનૈયાઓએ પણ મીરની મશ્કરી શરૂ કરી હતી :

"સાવ મગજમેટ થઈ ગયો લાગે છે!"

"માગણ કીધાં એટલે હાંઉ... આંગળી દેતાં પોંચાને જ વળગે... જીવને સંતોષ જ નહિ...."

"મર વગાડ્યા કરે એનું ભૂંગળું... હાલીહાલીને પગે પાણી ઊતરશે એટલે આફૂડો પાછો વળશે."

"ને ઠેઠ સણોસરા સુધી વગાડતો આવે તોય શું વાંધો છે ? સામૈયામાં પણ આની જ શરણાઈ કામ આવશે. ગામના મીરને રૂપિયો ખટાવવો મટ્યો."

પણ રમઝુ સણોસરા સુધી ન ગયો. વચ્ચે કબ્રસ્તાન આવ્યું કે તુરત એના પગ થંભી ગયા. ધણમાંથી પાછું ફરેલું ઢોર ગમાણનો ખીલો સૂંઘીને ઊભું રહી જાય એમ કબ્રસ્તાનમાંથી આવતી મરવાના છોડની પરિચિત સોડમ નાકમાં જતાં જ મીર ખચકાઈને ઊભો રહી ગયો. પાછળ વરકન્યાને લઈને ગાડું આવતું હતું અને એની પાછળ જુવાન જાનૈયાઓની ઠીઠિયાઠોરી સંભળાતી હતી. રમઝુની આંખ સામે, સાસરે સોંઢતી ગવરી નહિ, પણ સકીના પસાર થઈ રહી. તુરત એનો હાથ ગજવા તરફ વળ્યો. પાદરમાં ભૂધર મેરાઈએ ધૂળમાંથી ઉસરડો કરીને પરાણે ગજવામાં નખાવેલા પૈસા હાથ આવ્યા. જોયું તો સાચે જ દોથો ભરાય એટલા દાદમાં મળી ચૂક્યા જણાયા.

રાંક રમઝુ તો રાજીરાજી થઈ ગયો. હરખભર્યો એ ગાડા નજીક ગયો ને બોલ્યો "લે ગગી, આ કાપડાના કરીને આપું છું."

અને હજી તો આ રકમનો સ્વીકાર કરે કે અસ્વીકાર થાય એ પહેલાં તો ઊતરતી સંધ્યાના ઉજાસમાં રમઝુ કબ્રસ્તાનમાં દાખલ થઈ ગયો. એની એક આંખ સામે ગવરીનું કાપડું ને બીજી આંખ સામે સકીનાનું કફન તરવરી રહ્યું.

આ ચસકેલ માણસના આ વિચિત્ર વર્તાવ બદલ જાનૈયાઓ ફરી વાર ચેષ્ટા કરતા આગળ વધ્યા.

દિવસને આથમતે અજવાળે રમઝુએ મૃત પત્નીની કબર પાસે બેસીને સરસ સુરાવટ છેડી. એમાં મિલન અને વિયોગના મિશ્ર ભાવોની ગંગા-જમના ગૂંથાઈ ગઈ. પવનની પાંખે ચડીને એ સૂર મોડેમોડે સુધી ગામમાં તેમ જ સીમમાં સંભળાતા રહ્યા અને અનેક મિલનોત્સુક તેમ જ વિયોગી આત્માઓ આ સુરાવટમાંથી એકસરખી શાંતિ અનુભવતા રહ્યા.

પણ કમનસીબે રમઝુની શરણાઈની આ છેલ્લી સુરાવટ હતી. એ પછી એ શરણાઈ કે સૂર ગામલોકોને કદી સાંભળવા મળ્યા જ નહિ.

**("શરણાઈના સૂર"માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**ગોતરીજ** ગોત્રજ; **માફાળું ગાડું** પડદાવાળું, છાયાવાળું, ગાડું (વેલડું); **સોંસરવું** એક છેડેથી બીજા છેડા સુધી પોલાણવાળું એમાંથી પસાર થનારું, આરપાર; **પરિતોષ** ખૂબ સંતોષ, તુષ્ટિ; **લીરા** (અહીં) ફેંટા ઉપરનાં છૂટાં છોગાં; **શુષ્ક** સૂકું, (અહીં) નીરસ; **રમમાણ** લીન, મગ્ન; **શલ્ય** શૂળ, અજંપાનું કારણ; **પૂર્ણેન્દુ** પૂર્ણ ચંદ્ર; **સ્નિગ્ધ** લીસું, કોમળ; **કૌમુદી** ચાંદની; **ગુલતાન** મશગૂલ, તલ્લીન; **સોડમ** સૌરભ, સુગંધ, સુવાસ; **અડાણા** શાસ્ત્રીય રાગનું નામ છે; **ઉછરંગ** આનંદનો ઉછાળો.

### તળપદા શબ્દો

**દલ્લી** દિલ્હી શહેર; **તાસીરો બોલી રહેવો** સૂર-તાલની રમઝટની મજા આવવી; **ગોઠિયણ** સખી, સાહેલી, સહિયર **મોર્ય વેતો થયો** આગળ ચાલવા લાગ્યો; **મર થાતો** ભલે થાતો; **ગગો** છોકરો, દીકરો; **પૂગવું** પહોંચવું; **મેડિયું** મેડીઓ; **આણવું** લાવવું; **હાંઉ** બસ; **રાતું કાવડિયું** રૂપિયાના 64 ભાગનો તાંબાનો જૂનો સિક્કો; **મોખરે** સૌથી આગળ; **ગમાણ** ઢોરને ચારો (નીરણ) ખાવાની જગ્યા; **હર હર્ષ ચસકેલ** ગાંડપણને વશ થયેલું; **ધુતારો** ધૂતીને સ્વાર્થ કાઢી લેનારો માણસ, ઠગ; **મગજ-મેટ** ગાંડો, પાગલ; **ગગી** છોકરી, દીકરી; **લપરું** લપ કરનારું, કેડો મૂકે નહિ તેવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**સુહાગણ** × વિધવા; **વિષાદ** × આનંદ; **હરખ** × શોક

### રૂઢિપ્રયોગ

**પૈડુ સિંચવું** શુકન કરવા **અછો અછો વાનાં કરવાં** લાડ લડાવવાં **ઓછું આવવું** મન દુભાવું **સોનાનાં ઝાડ ભાળી જવાં** ખૂબ સમૃદ્ધિ જોવી **હૃદય હાથ ના રહેવું** હિંમત કે ધીરજ ન રહેવી **તલપાપડ થઈ રહેલું** અત્યંત આતુર થઈ જવું **ધરવ ન થવો** સંતોષ ન થવો **દાદ આપવી** (અહીં) હક્ક-લાગો આપવો **મંત્રમુગ્ધ બનવું** દંગ થઈ જવું **ડાગળી ચસકી જવી** પાગલ થઈ જવું

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**કન્યા વિદાય વખતે કન્યાની મા મંગળનો દીવો લે છે તે** રામણદીવડો; **સૌભાગ્યવતી સ્ત્રી** સુહાગણ; **ઘરની પાછલી દીવાલ** પછીત; **ઘરની બાજુની દીવાલ** કરો; **માથે બાંધવાનું લૂગડું** પાઘડી, ફેંટો, માથાબંધણું; **રેશમી દોરાથી કરેલું ભરતકામ** હીરભરત; **જરીના કસબવાળું** જરિયન; **ઘેરવાળું ઘૂંટણથી પગ નીચે પહોંચતું અંગરખું** જામો; **રેશમી વસ્ત્ર, સ્ત્રીઓની સર્વસાધારણ સાડી, ઊંચી જાતનું સુંદર વસ્ત્ર** પટકૂળ; **ગાલ નીચેનો મોંની અંદરનો ભાગ** ગલોફું; **ચાર આનીનો જૂનો સિક્કો** પાવલી; **બેઠા ઘાટની નાની લોટી** ટબૂડી; **જેની પત્ની મરણ પામી છે તેવો પુરુષ** વિધુર; **ખભાની નીચેનાં હાથના મૂળમાંનો ખાડો** કાખ; **પગે કરવામાં આવતી કંકુની અર્ચા** પિયળ; **તુલસીની જાતનો એક ઉગ્ર ગંધવાળો છોડ** ડમરો, મરવો; **શુભ કામ માટે ઘેરથી તૈયારી સાથે નીકળવું** સોંઢવું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) 'શરણાઈના સૂર' કૃતિમાં કોના વાત્સલ્યભાવની વાત કરવામાં આવી છે ?

(a) ભૂધર મેરાઈ (b) રમઝુ મીર (c) તળશી વેવાઈ (d) ગવરી

(2) 'હવે હાલ્યની ઝટ, હાલ્યની, આમ ડગલે ને પગલે દાદ લેવા ઊભો રહીશ તો કે'દી પાદરે પોગાડીશ' – વાક્ય કોણ બોલે છે ?

(a) મેરામણ (b) ભૂધર વેવાઈ (c) રમઝુ મીર (d) તળશી વેવાઈ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) ગવરીની વિદાય પ્રસંગે રમઝુ મીરને કોનું સ્મરણ થાય છે ?

(2) રમઝુ મીર પત્નીની કબર ઉપર ફૂલ ચડાવવા જતો ત્યાં કયા ફૂલ-છોડની મહેકને માણતો ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) દાદમાં મળેલા પૈસા રમઝુ મીર ગવરીને શા માટે આપી દે છે ?

(2) શરણાઈ વગાડતી વખતે રમઝુ મીર સકીનાને કેવી રીતે સાચવતો ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(1) 'શરણાઈના સૂર' - કૃતિને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.

(2) રમઝુ મીરનું શબ્દ-ચિત્ર આલેખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- કન્યાવિદાયના પ્રસંગનું ચિત્ર દોરો.
- ફટાણાં (લગ્નગીતો) ગાવાની સ્પર્ધા રાખો.
- રમઝુ મીરનો એકપાત્રીય અભિનય રજૂ કરો.
- લગ્નપ્રસંગનાં ગીતોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના સંદર્ભમાં વર્ગમાં સંવાદ યોજી ચર્ચા કરો.
- આ કૃતિમાં વપરાયેલા સોરઠી બોલીના શબ્દોની યાદી તૈયાર કરો. દા.ત., હાલો, ઝટ... વગેરે.
- કન્યાવિદાયનાં કાવ્યો મેળવી વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

- ''માંડવો બંધાઈ ગયો. ગોતરીજ પાસે પાયલાગણું પતી ગયું. ઘરને ટોડલે વરઘોડિયાએ કંકુના થાપા પાડી દીધા. જાનને શીખ દેવાઈ ગઈ. શુભ શુકન સાંપડી ગયા.''

  કૃતિની શરૂઆતમાં જ આ ટૂંકાં ટૂંકાં વાક્યોથી લેખકે લગ્નનો માહોલ ખડો કરી દીધો છે. આવી સરળ ભાષા અને ટૂંકાં વાક્યો દ્વારા પણ અસરકારક વર્ણન થઈ શકે છે જે નોંધનીય છે.

- કહેવતો ઓછા શબ્દોમાં અસરકારક વાત રજૂ કરે છે અને વર્ણનને 'ચોટદાર' બનાવે છે. અહીં પણ 'આંગળી દેતાં પોંચાને જ વળગે', મીઠા ઝાડનાં મૂળ ન ખવાય' જેવી કહેવતો અને 'અછો અછો વાનાં કરવાં', 'ડાગળી ચસકી જવી', 'તલપાપડ થઈ જવું', 'હૃદય હાથ ન રહેવું', 'તાસીરો બોલી જવો' જેવા રૂઢિપ્રયોગો વર્ણનને તાદશ્ય કરે છે તે સમજો.

- ''હાલો, મીર હાલો, ઝટ વહેતા થાવ.''

  સોરઠીબોલીનું પ્રતિનિધિત્વ કરતું આ વાક્ય કથાપ્રવાહની દષ્ટિએ સામાન્ય છે છતાં 'ચાલો' ને બદલે 'હાલો', 'જલદી' ને બદલે 'ઝટ', 'આગળ ચાલો' ને બદલે 'વહેતા થાવ'નો પ્રયોગ આ ભાષાની લાક્ષણિકતા બતાવે છે. 'વહેવું' ક્રિયાપદ મહદ અંશે પાણીની ગતિ બતાવવા વપરાય છે જે અહીં અલગ અર્થમાં વપરાયું છે. આ કૃતિમાંથી આવા સોરઠી બોલીના અન્ય શબ્દો જુદા તારવો.

## શિક્ષકની ભૂમિકા

- 'દુ:ખીના દુ:ખની વાતો સુખી ના સમજી શકે. સુખી જો સમજે પૂરું દુ:ખ ના વિશ્વમાં ટકે' આ પંક્તિને આધારે રમઝુની મનોદશા વિદ્યાર્થીઓ સમક્ષ ચર્ચવી. સંગીતની અસર, દુ:ખની પરાકાષ્ઠા અને અનુભૂતિના આ ત્રિવેણી સંગમને આધારે ધૂની લાગતા રમજૂની મનોદશા સ્પષ્ટ કરવી.
- વિદ્યાર્થીઓએ ગાંડા માણસની મશ્કરી ન કરવી, બીજાની મનોદશા સમજવાનો પ્રયત્ન કરવો, અયોગ્ય લાગે તેવું વર્તન કરનાર વ્યક્તિને આંખ નહિ પણ તેની દષ્ટિથી સમજવાની જરૂર છે તેવી બાબતોથી વિદ્યાર્થીઓને અવગત કરવા.
- ધૂમકેતુની 'પોસ્ટ ઑફિસ' વાર્તાને આ વાર્તા સાથે તુલનાત્મક પદ્ધતિથી રજૂ કરવી.

•

# 6 સામગ્રી તો સમાજની છે ને !

**વિકાસ શર્મા**

વિકાસ શર્મા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. તેઓ અવારનવાર પોતાના અનુભવો વર્ણવતા હોય છે. આ અનુભવ અંગ્રેજી સામયિકમાંથી લેવામાં આવ્યો છે.

અહીં વર્ણવાયેલી ઘટના આંખ ઊઘાડે તેવી છે. પૈસા આપીને વસ્તુ ખરીદી હોય તો પણ એને બગાડવાનો અધિકાર કોઈનેય નથી, કારણ કે સામગ્રી આખા સમાજની છે. દરેક વસ્તુનો સાર્થક ઉપયોગ થવો જોઈએ એ સૃષ્ટિસંતુલન માટે પણ જરૂરી છે. વળી, પોતાને ઊંચા માનીને અન્ય દેશના લોકોને માટે પૂર્વગ્રહો ધરાવવા એ કેટલું ભ્રામક હોય છે એ પણ આ પ્રસંગ સમજાવે છે.

---

જર્મની ઉદ્યોગ-ધંધાની દૃષ્ટિએ ઘણો આગળ વધેલો દેશ છે. ટૅક્નોલૉજીની દૃષ્ટિએ પણ આગળ છે. નાનાં નાનાં નગરોમાંયે ઉચ્ચ ટૅક્નોલૉજીવાળી ચીજવસ્તુ બનાવાય છે. આથી આપણને એમ થાય કે આવા દેશના લોકો ઘણું મોજશોખવાળું અને વૈભવવિલાસી જીવન જીવતા હશે. કમ સે કમ મારા મનમાં તો એવી જ છાપ હતી, પરંતુ હમણાં મારે જર્મની જવાનું થયું અને મેં નજરોનજર જે જોયું તેમ જ કેટલાક જાત-અનુભવો થયા ત્યારે મને થયું કે આપણા લોકોની આવી છાપ કેટલી ખોટી છે !

હું હેમ્બર્ગ પહોંચ્યો, ત્યારે હેમ્બર્ગમાં કામ કરતા મારા મિત્રોએ મારા માટે એક પાર્ટી ત્યાંના એક રેસ્ટોરાંમાં ગોઠવી હતી. અમે રેસ્ટોરાંમાં પ્રવેશ્યા ત્યારે મેં જોયું કે ત્યાં ઘણાં બધાં ટેબલો ખાલી હતાં. એક ટેબલ ઉપર એક યુવાન દંપતી પોતાનું ભોજન લઈ રહ્યું હતું. ટેબલ ઉપર માત્ર બે જ ડિશ હતી. મને થોડું આશ્ચર્ય થયું. આવું સાદું ખાણું ! છોકરો કંજૂસ લાગે છે. આપણે ત્યાં તો જુવાનડો છોકરીને લઈ રેસ્ટોરાંમાં જાય, તો જાતજાતની વાનગીઓથી તેને આંજી નાખે !

બીજા એક ટેબલ ઉપર કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ હતી. વેઈટર આવે અને એમની દરેકની ડિશમાં પોતાના વાસણમાંથી ખાવાનું પીરસી જાય. દરેક જણ બધું જ ખાઈ જાય, ડિશમાં એક દાણોય છાંડે નહિ.

જો કે અમે એમના તરફ ઝાઝું ધ્યાન આપ્યું નહિ, કેમકે અમે અમારા ખાવામાં પડ્યા હતા. અમને સારી એવી ભૂખ લાગેલી એટલે મારા સ્થાનિક મિત્રોએ ઘણું બધું ખાવાનું મંગાવેલું.

રેસ્ટોરાંમાં ગિરદી નહિ હોવાથી ખાણું ઝટ આવ્યું અને અમારે બીજાં પણ કામો હોવાથી અમે ખાણું જલદી પતાવ્યું. ખાઈને અમે ઊઠ્યા ત્યારે લગભગ નહિ-નહિ તોયે અમે મંગાવેલ ભોજનમાંથી ત્રીજાભાગનું ભોજન અમારી ડિશોમાં છંડાયેલું હતું.

અમે હજી રેસ્ટોરાંમાંથી બહાર નીકળી રહ્યા હતા, તેવામાં કોઈકે અમને બોલાવ્યા. અમે જોયું તો પેલી વૃદ્ધ સ્ત્રીઓ અમારા વિશે રેસ્ટોરાંના માલિક સાથે કાંઈક વાત કરી રહી હતી. જ્યારે એમણે અમારી સાથે અંગ્રેજીમાં વાત કરવા માંડી, ત્યારે અમને સમજાયું કે અમે આટલો બધો ખોરાક અમારી ડિશમાં છોડીને ઊભા થઈ ગયેલા, તે એમને ગમ્યું નહોતું.

અમને થયું કે તેઓ નાહકના ખણખોદિયા છે. એટલે અમે એમને કહી દીધું : ''અમે જે મંગાવેલું તેના પૂરેપૂરા પૈસા અમે ચૂકવી દીધા છે. અમે કેટલું ખાધું અને કેટલું છાંડ્યું તેની તમારે શી નિસ્બત ?''

પેલી વૃદ્ધ સ્ત્રીઓ તો ગુસ્સે થઈ ગઈ. તેમાંની એક જણીએ પોતાનો ફોન કાઢ્યો અને કોઈકની સાથે વાત કરી. થોડીવારમાં તો સોશિયલ સિક્યોરિટીનો યુનિફોર્મ પહેરેલો એક જણ ત્યાં આવી પહોંચ્યો. જે બધુ બન્યું તે જાણીને તેણે તો અમને 50 યુરોનો દંડ કર્યો.

અમે શાંત રહ્યા. સ્થાનિક મિત્રોએ 50 યુરોનો દંડ ચૂકવી દઈને તેની પાસે ફરી-ફરી પોતાની દિલગીરી વ્યક્ત કરી.

પેલા ઑફિસરે કડક અવાજમાં મક્કમતાથી અમને કહ્યું : ''તમને જોઈતું હોય તેટલું જ, તમે ખાઈ શકતા હો તેટલું જ મંગાવો. પૈસા તમારા છે, પણ બધી સાધન-સામગ્રી તો સમાજની છે. દુનિયામાં હજી એવા ઘણા લોકો છે જે આ બધી સાધન-સામગ્રીના તીવ્ર અભાવથી પીડાય છે. માટે આ સાધન-સામગ્રીનો જરીકેય બગાડ કરવાનો તમને કોઈ હક્ક નથી.''

અમે છોભીલા પડી ગયા. અમને એમની વાત તદ્દન સાચી લાગી. આવા ધનવાન દેશના લોકોનું આવું માનસ જોઈ અમને અમારી જાત ઉપર શરમ ઊપજી. ખરેખર, આપણે આવી બાબતનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. આપણે તો ધનવાન નહિ એવા દેશના નાગરિકો છીએ. આપણે તો આવી રીતના અભાવથી પીડાતા લોકોને નજરોનજર જોઈએ છીએ. છતાં આપણી આંખ ઊઘડતી નથી ! ખોરાકની ચીજ-વસ્તુઓનો પણ આપણે કેટલો બેફામ બગાડ કરીએ છીએ !

આ ઘટનાએ અમને બરાબર પાઠ ભણાવ્યો, અમને અમારી ખોટી આદતો સુધારવાનો બોધપાઠ આપ્યો.

અમને દંડ ભર્યાની જે ટિકિટ મળેલી, તેની ફોટોસ્ટેટ નકલ કરીને અમે દરેકે એક યાદગીરીરૂપે અમારી પાસે લઈ લીધી. અમે તે અમારા ઓરડાની દીવાલ ઉપર ચોંટાડીને રાખી છે - અમને કાયમ ઢંઢોળવા કે કોઈએ ક્યારેય કશાનોયે બગાડ કરવો નહિ.

**('ભૂમિપુત્ર'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દ/શબ્દાર્થ

**છાપ** એક વસ્તુ બીજી વસ્તુ ઉપર દબાવતાં ઊઠતી પ્રતિકૃતિ (અહીં) બીજાના મન પરની અસર; **નિસ્બત** નાતો; **ગિરદી** લોકોની ભીડ; **ખણખોદિયું** ખણખોદ કરનારું, દોષ શોધનારું; **યુરો** યુરોપના દેશોના સમૂહે અપનાવેલ ચલણ; **દંડ** સજા, શિક્ષા; **ખાણું** ભોજન, જમણ; **ઝટ** જલદી; **જરીક** થોડુંક; **ઢંઢોળવું** હલબલાવી સભાન બનાવવા, ગરી જગાડવું.

### તળપદા શબ્દો

**ખાણું** ભોજન; **ઝટ** જલદી; **છંડાયેલું** (અહીં) બાકી છોડેલું; **જણ** માણસ, વ્યક્તિ

### વિરુદ્ધાર્થી શબ્દો

**શાંતિ** × અશાંતિ; **કંજૂસ** × ઉડાઉ; **ધનવાન** × ગરીબ; **ધ્યાન** × બેધ્યાન

### રૂઢિ પ્રયોગ

**આંજી નાખવું** છક કરી નાંખવું, પ્રભાવિત કરવું; **છોભીલા પડવું** શરમ અનુભવવી; **આંખ ન ઊઘડવી** સભાન/જાગૃત ન થવું; **પાઠ ભણાવવો** ખો ભુલાવવી, બોધપાઠ આપવો

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) હોટેલમાં યુવાન દંપતી ભોજન કેટલું મંગાવતા હતા ?

(a) જથ્થાબંધ (b) વધારે પડતું (c) જરૂર પૂરતું (d) વારંવાર મગાવતું હતું

(2) ભારતીયોએ ખોરાક છાંડવા માટે શરમ કેમ ન અનુભવી ?

(a) તેઓ ભારતીય હતા (c) બધા પુરુષો હતા

(b) તેઓ વિદેશી હતા (d) ખોરાકના પૈસા ચૂકવ્યા હતા

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) વિદેશીઓ માટે લેખકને શો ખ્યાલ હતો ?

(2) વૃદ્ધ સ્ત્રીઓની ડિશમાં વેઈટર કેટલું પીરસતો હતો ?

3. **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

(1) વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યું ?

(2) સિક્યોરિટી ઑફિસરે શું સમજાવ્યું ?

4. **નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.**

(1) ભૂલ કરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- જાહેર કાર્યક્રમો કે કૌટુંબિક પ્રસંગોમાં થતા ભોજનના બગાડ અંગે અવલોકન કરી શાળાની પ્રાર્થનામાં તેની રજૂઆત કરો.
- દુનિયામાં અને ભારતમાં કેટલા લોકોને પેટપૂરતું ખાવા મળતું નથી તેના આંકડા ગુગલ પરથી મેળવીને વર્ગખંડના અને શાળાના નોટિસબૉર્ડમાં મૂકો.
- ભોજનનો બગાડ ન કરવાનું વ્રત લેવા માટે તમારા મિત્રોમાં પ્રચાર કરો.
- કુપોષણથી પીડાતાં, અર્ધભૂખ્યાં બાળકોના ફોટા મેળવી તમારા ઘરમાં ધ્યાન ખેંચાય તેમ અથવા ઘરમાં ફ્રીઝ હોય તો તેના પર ચોંટાડો.

## ભાષા-અભિવ્યક્તિ

- અમે જે મંગાવેલું તેના પૂરેપૂરા પૈસા અમે ચૂકવી દીધા છે. અમે કેટલું ખાધું અને કેટલું છાંડ્યું તેની તમારે શી નિસ્બત !
- વ્યક્તિની માનસિકતા (બેજવાબદારી, ઉદ્ધતાઈ, પૈસાનો અહંકાર, ખોટી પણ દલીલ કરવી વગેરે) પ્રગટ કરવામાં કેટલાંક વાક્યો ખૂબ ચોટદુક હોય છે. 'તમારે શી નિસ્બત' એ આવો પ્રયોગ છે તે ધ્યાનમાં લો.
- લેખકે નાની છતાં પાયાની બાબત સમજાવવા માટે ઉપયોગમાં લીધેલાં વિશેષણ-વિશેષ્યોને જુઓ. વર્ણનમાં વિશેષણો કેવો અસરકારક ભાગ ભજવે છે તે સમજો :

  નાનાં-નગર, યુવાન-દંપતી, કડક-અવાજ, ધનવાન-દેશ, ઉચ્ચ-ટેક્નૉલૉજી, સાદું-ખાણું, તીવ્ર-અભાવ, બેફામ-બગાડ, વૈભવવિલાસી-જીવન, જાતભાતની-વાનગી, સાચી-વાત, ખોટી-આદત
- પ્રસંગની અસરકારકતા સાબિત કરવામાં રૂઢિપ્રયોગો ભાષામાં કેવા વણાઈ ગયા છે તે સમજો : પાઠ ભણાવવો, આંખ ઊઘડવી, આંજી નાખવું, બોધપાઠ આપવો, કાયમ ઢંઢોળવું.

## શિક્ષકની ભૂમિકા

- ભારતીય પરંપરા મુજબ અનાજને પણ દેવ તરીકે પૂજવામાં આવે છે. અન્નદેવ જઠરાગ્નિને તૃપ્ત કરી જીવનચાલક બળ પૂરું પાડે છે. છતાં વાર-તહેવાર, લગ્નપ્રસંગ કે મેળાવડામાં થતા સમૂહભોજનમાં કે હોટેલોમાં અન્નનો ખૂબ બગાડ થાય છે. હોટેલમાં પૈસા આપ્યા છે તેથી મને બગાડ કરવાનો અધિકાર છે એવી ખોટી સમજ પર ચાબખો મારતો પ્રસંગ આ કૃતિમાં ઉદાહરણ દ્વારા રજૂ થયો છે તેની વિદ્યાર્થીઓ સાથે વિગતે ચર્ચા કરવી.
- પૈસા તમારા છે પણ ભોજન બનાવવામાં જે સામગ્રી વપરાઈ છે તે તો સમાજની છે. તેની ઉપર સમાજનો પણ અધિકાર છે, માટે તેનો બગાડ ન થઈ શકે. કૃતિનો આ મુખ્ય ધ્વનિ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રગટ કરવો.
- વધેલું અન્ન અન્ય માણસોના ઉપયોગનું છે તેવી સમજણ પણ વિદ્યાર્થીઓને આપવી.

•

# 8 સૂરજ તો બધે જ સરખો

**વિનોદ ભટ્ટ**

**(જન્મ : તા. 14-01-1938)**

વિનોદ જશવંતલાલ ભટ્ટ અમદાવાદના વતની છે. મધુર વ્યંગ એમનાં લખાણોનું પીઠબળ છે. એમણે હાસ્ય સાહિત્યના મોટાભાગના પ્રકારોમાં પ્રદાન કરેલું છે. 'ઇદમ તૃતીયમ્', 'વિનોદની નજરે', 'આંખ આડા કાન', 'હાસ્યોપચાર', 'ભૂલચૂક લેવીદેવી', 'વિનોદ ભટ્ટના પ્રેમપત્રો' વગેરે હાસ્યરસથી સભર પુસ્તકો તેમણે આપ્યાં છે. તેમણે નર્મદ, મુનશી, જ્યોતીન્દ્ર દવે, ચાર્લી ચેપ્લિન, બર્નાડ શો, એન્ટની ચેખવ વગેરેનાં ચરિત્રો લખેલાં છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલો છે. હાસ્યલેખન માટે સાહિત્ય પરિષદને અને ગુજરાત સાહિત્ય અકાદમીના એવોર્ડ મળ્યા છે.

આ લેખ હળવી શૈલીમાં આપણી વિચિત્રતાઓ અને ટેવો વિશે ધ્યાન દોરે છે. માણસ વિખ્યાત જગ્યાએ પ્રવાસમાં જઈને પણ ત્યાં વાત તો ખાણીપીણીની જ કરે, જોવા લાયક સ્થળની ખાસિયતની નહિ, એ ટેવ વિશે લેખક કટાક્ષ કરે છે. જેમ સૂરજ બધે સરખો જ હોય તેમ આવા માણસો માટે બધાં સ્થાન સરખાં જ હોય છે. 'સર્વજ્ઞભાઈ' નામ પણ જાણે માત્ર ખાણીપીણીનું-એ લેખકનો વ્યંગ માણવો ગમે તેવો છે. વ્યંગાત્મક રીતે રજૂ થયેલ મનુષ્ય સ્વભાવ હાસ્ય નિપજાવે છે, એને મમળાવવું ગમે છે.

---

'આ વખતે રજાઓમાં કઈ તરફ ઊપડવા વિચારો છો, બાપુ ?'

'હજી કંઈ નક્કી નથી કર્યું. છોકરાં આગ્રા જવાનું કહે છે. તાજમહેલ જોવાની એમની બહુ ઇચ્છા છે.

'વાહ, સરસ. ટેસ્ટી.'

'તાજમહેલ અને ટેસ્ટી ?'

'એમ નહિ, ત્યાં તાજમહલની ઉત્તરે ખાડામાં એક દાળવડાંવાળો ઊભો રહે છે. સાલો શું બ્યુટિફૂલ દાળવડાં બનાવે છે ! સુપર્બ... અમે તો જ્યારે જ્યારે આગ્રા જઈએ ત્યારે ત્યારે હું તો તાજની બહાર બેસીને દાળવડાં ખાઈ લઉં છું.'

'બાકી તાજમહેલ અદ્‌ભુત છે, નહિ ?'

'સાચું પૂછો તો બૉસ, મેં અંદર જઈને તાજમહેલ જોયો જ નથી.'

'ગજબ કહેવાય, સર્વજ્ઞભાઈ...'

'એમાં ગજબ શું છે, યાર ! એક માણસ ચૌદમી ડિલિવરીમાં મરી ગયેલી પોતાની બૈરી પાછળ આ રીતે પૈસા બરબાદ કરે એ વાત જ આપણને પસંદ નથી. બીજો કોઈ સમજુ માણસ હોય તો બૈરી પાછળ આખું આગ્રા શહેર જમાડે કે પછી તેની યાદમાં તાજમહેલ જેવી કોઈ મોટી હોટેલ બાંધે... લાખ્ખો રૂપિયા ખરચીને તેણે બાંધી તો એક કબર જ ને !'

'સર્વજ્ઞભાઈ, માથેરાન જવા જેવું ખરું ?'

'દાદાગીરી બૉસ, માથેરાન એટલે માથેરાન. આપણા પુરોહિતવાળાની જ ત્યાં એક હોટલ છે. એ હોટલનાં દાળભાત ! આંગળાં કરડ્યા કરીએ. ફેન્ટાસ્ટિક !'

'ત્યાં જોવા જેવી કોઈ ખાસ જગ્યા ?'

'છે ને... ઘણાં પૉઈન્ટ્સ સનસેટ પૉઈન્ટ, એકો પૉઈન્ટ, પેનોરમા પૉઈન્ટ. પેનોરમા પૉઈન્ટ પર એક નારિયેળવાળો બેસે છે. અમે તો ઘણીવાર નારિયેળનું પાણી પીવા માટે જ પૅનોરમા પૉઈન્ટ પર જતાં. બીજા કશા ખાતર નહિ, તો નારિયેળ-પાણી ખાતરેય તમારે માથેરાન તો જવું.'

'દાર્જિલિંગ આ સિઝનમાં મોંઘું પડે ?'

'સહેજ પણ મોઘું નહિ; શેઠિયા, તમારે એમ કરવાનું, એક ટંક જમવાનું ને સાંજે નાસ્તાથી ચલાવી લેવાનું. ત્યાં દિલ્લી ચાટસેન્ટરની બાજુમાં એક દહીંવડાંવાળો બેસે છે. પઠ્ઠો શું ફક્કડ દહીંવડાં બનાવે છે ! બસ ખાધા જ કરીએ....'

'કહે છે કે ત્યાંના ખળખળ વહેતા ઝરણામાં પગ બોળીને બેસી રહેવાની મઝા આવે છે..એ એક લહાવો છે.'

'અરે સાવ હમ્બગ યાર, એક વાર પેલા ઉલ્લુના પઠ્ઠા જગદીશિયા સાથે ઝરણામાં પગ બોળીને બેસી રહ્યા એમાં તો સાલી હોટેલ બંધ થઈ ગઈ ને ફૂટની દાળઢોકળી ગુમાવવી પડી. ત્યારથી પ્રતિજ્ઞા કરી નાખી છે કે ખાધા વગર હોટેલની બહાર પગ ન મૂકવો અને હવે તો આતંકવાદીઓને કારણે સાલી કશ્મીરમાંય ગરમી પડે છે.'

'તો મહાબળેશ્વર કેમ રહે ?'

'અરે ડોન્ટ મિસ ઇટ બાબા, પણ મહાબળેશ્વર જવું હોય તો કોઈ ટ્રાવેલ ટુરમાં જ જવું. સાલી પછી કોઈ ઝંઝટ જ નહિ. બે ટાઈમ ખાવાનું ત્રણ ટાઈમ ચા-નાસ્તો પ્રહ્લાદ ટ્રાવેલ્સવાળા આપે છે. તમે કહો એ નાસ્તો આપે, બટાટાપૌંઆ, સેવ-ખમણી, બ્રેડનાં ભજિયાં - જે માગો એ નાસ્તો તૈયાર.'

'વહેલી સવારે પોણા ચાર વાગ્યે મહાબળેશ્વરમાં સૂર્યોદય ગાંડાં કરી મૂકે એવો હોય એ વાત ખરી ?'

'પણ એવા ગાંડપણમાં ન પડવું મારા ભૈ. સૂરજ તો નવરો છે તે વહેલો ઊગી જાય. એને માટે થઈને આપણે શા માટે ઉજાગરો વેઠવો!' સૂરજ તો બધે જ સરખો. માટે એવી કોઈ બબાલમાં પડવું નહિ. પણ વૅકેશનમાં મહાબળેશ્વરમાં હાડમારી બહુ પડશે, એના કરતાં સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાતરા જેવું કરવું હોય તો આબુ ઊપડી જાઓ. કહેતા હો તો રમેશ દાણી પાસે ચિઠ્ઠી લખાવી દઉં. એક બ્લૉક કાઢી આપશે. રાંધવાના વાસણો પણ મળે. એક વાર રાંધવાનું ને બે વખત ખાવાનું. બીજી કોઈ ઝંઝટ જ નહિ. ખાઈને સાંજ સુધી ઘોર્યા કરવાનું. સાંજે નખી લેક પર ચક્કર લગાવવાનાં. નખી લેકની ત્રાંસમાં એક રબડીવાળો બેસે છે. તેને ત્યાંથી અઢીસોત્રણસો ગ્રામ રબડી લઈને ઝાપટી જવાની. પણ આબુમાં સાલી એક તકલીફ રહેવાની. તમને અડધું અમદાવાદ ત્યાં જોવા મળશે. અમદાવાદમાં જે લોકોને ટાળવા આપણે પોળની ગલીમાં છુપાઈ જવા મથીએ એ બધાં ત્યાં સામે ભટકાવાનાં. ત્યાંના પાછા રસ્તાય થોડા પહોળા એટલે ભાગીનેય ક્યાં ભગાય ! એ વખતે સાલું એમ થાય કે આટલા પૈસા ખરચીને આબુ આવ્યા એ કરતાં અમદાવાદમાં જ રહ્યા હોત તો વધુ સારું થાત.'

'આઈડિયા ખોટો નથી, થાય છે કે આ વખતે ક્યાંય જવું નહિ. સાંજે છ વાગ્યે ધાબામાં પાણી છાંટીને ઠંડકમાં પથારી કરી લેટી જવું. અમદાવાદની સાંજ આમેય ઠંડકવાળી હોય છે.'

'વાહ એ તો ઉત્તમ. ધાબામાં બેસીને પટેલનો આઈસ્ક્રીમ ખાતાં ખાતાં ગપ્પાં મારવાની જે મઝા છે તે સાલી બીજે ક્યાંય નથી. એટલે તો કહું છું કે પૃથ્વીનો છેડો ઘર. એટલે બાપુ, આપણી તો એ જ સલાહ છે કે... સમજી ગયા ને !'

**(વગેરે, વગેરે, વગેરે...માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી શબ્દો/શબ્દાર્થ

**ટેસ્ટી** સ્વાદિષ્ટ (અંગ્રેજી શબ્દ); **બ્યૂટીફુલ** સુંદર (અં); **ઝરણું** સરવાણી, નિર્ઝર; **હમ્બગ** તદન ખોટું (અં); **પ્રતિજ્ઞા** ટેક, પણ; **ઝંઝટ** રકઝક, માથાકૂટ; **હાડમારી** હેરાનગતિ, મુશ્કેલી; **પઠ્ઠો** પહેલવાન; **પ્રતિજ્ઞા** સંકલ્પ, શપથ; **બબાલ** મુસીબત, આફત

### તળપદા શબ્દો

**જાતરા** યાત્રા **ભૈ** ભાઈ; **ઝાપટી જવું** ખાઈ જવું; **લેટી જવું** સૂઈ જવું

### વિરુદ્ધાર્થી શબ્દો

**સૂર્યોદય** × સૂર્યાસ્ત; **ખરું** × ખોટું; **સાંજ** × સવાર; **ઊગવું** × આથમવું

### કહેવત

**સસ્તું ભાડું ને સિદ્ધપુરની જાત્રા** - મર્યાદિત સાધનોથી કામ પૂર્ણ કરવું.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નો સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.**

(1) રજાઓમાં છોકરાંઓ લેખકને ક્યાં જવાનું કહે છે ?

(a) અંબાજી (b) આગ્રા (c) દિલ્લી (d) હરદ્વાર

(2) માથેરાનમાં સર્વજ્ઞભાઇ કયા પોઇન્ટ પર નાળિયેરનું પાણી પીતા ?

(a) પેનોરમા (b) ડોના-પૌલા (c) એકો પોઇન્ટ (d) સનસેટ પોઇન્ટ

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) સર્વજ્ઞભાઇના મતે મોંઘવારીમાં દાર્જિલિંગમાં ફરવા માટે શું કરવું ?

(2) મહાબળેશ્વર જવા માટે સર્વજ્ઞભાઇ ટ્રાવેલ્સનો કેમ આગ્રહ રાખે છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો :**

(1) તાજમહેલ વિશે સર્વજ્ઞભાઇ શું કહે છે ?

(2) 'સૂર્યને જોવા માટે સર્વજ્ઞભાઇ મહાબળેશ્વર કરતાં આબુ જવું' એમ સર્વજ્ઞભાઇ શા માટે કહે છે ?

**4. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) સૌંદર્ય માણવાને બદલે ખાણી-પીણીમાં વિશેષ રસ લેતા પ્રવાસીઓના સ્વભાવ વિશે પાઠને આધારે નોંધ લખો.

(2) આખરે સર્વજ્ઞભાઇ ક્યાંય ન જવા માટે કેમ વિચારે છે ?

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ભારતનાં પ્રાકૃતિક સ્થળોના ફોટોગ્રાફ્સ તથા વિગતો ઇન્ટરનેટના માધ્યમથી મેળવી ચાર્ટપેપરમાં લગાડો.
- પ્રવાસને કેવી રીતે માણવો ? જૂથ ચર્ચા કરો.
- પ્રવાસથી કયા ગુણોનો વિકાસ થાય છે તેની યાદી તૈયાર કરો.

### ભાષા-અભિવ્યક્તિ

પ્રસ્તુત હાસ્યનિબંધમાં લેખકે કરેલ વિવિધ સંબોધનો જેવાં કે દાદાગીરી બોસ, શેઠિયા, યાર, બાબા, ભૈ, બાપુ... ગુજરાતીઓની બોલચાલની લઢણ અને લાક્ષણિકતા બતાવે છે.

વિવિધ વાનગીઓ માટે લેખકે વાપરેલ વિશિષ્ટ શબ્દો જેવાં કે 'બ્યુટિફૂલ દાળવડાં', 'ફેન્ટાસ્ટિક દાળભાત', ફક્કડ દહીંવડાં', 'ફ્રૂટ્સની દાળઢોકળી' ગુજરાતીઓનો ભોજનપ્રેમ બતાવે છે અને એ દ્વારા જ લેખક વ્યંગ પણ કરે છે કે તેઓ પ્રવાસ અને પ્રકૃતિના નહિ પણ ખોરાક-ભોજનના પ્રેમી છે.

સીધી વાતની અવળી રજૂઆત એ હાસ્યનિબંધોની ખાસિયત હોય છે. અહીં પણ 'સૂરજ ઊગતાં ઊઠવું' માટે 'ઉજાગરો વેઠવો' શબ્દપ્રયોગ અને 'સૂરજ' માટે 'નવરો' વિશેષણ વ્યંગ અને હાસ્ય નિષ્પન્ન કરે છે.

## શિક્ષકની ભૂમિકા

- ગુજરાતીઓ માટે કહેવાય છે કે પરદેશમાં જાય તો પણ ગુજરાતી થાળીનો આગ્રહ રાખે. જે વિસ્તારમાં ગયા હોઈએ ત્યાંની વિશેષતા, રહેણી-કરણી, જોવા લાયક સ્થળો, તેની માહિતી તેનો ઈતિહાસ, ત્યાંનું સૌંદર્ય આ બધી વાતો પ્રવાસમાં કેન્દ્રસ્થાને હોવી જોઈએ, નહિ કે ખાવાની. આ બાબત વિદ્યાર્થીઓને પાઠમાં આપેલાં ઉદાહરણો દ્વારા સમજાવવી.
- શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવું અને નજીકના પ્રાકૃતિક સ્થળોની મુલાકાત ગોઠવવી.
- 'મારો યાદગાર પ્રવાસ' નિબંધ લખાવવો.

•